ફક્ત ગેરહાજર પરીક્ષાર્થીઓ માટે ૪ નીચેની લીટીવાળા ભાગથી કાપીને 'બારકોડવાળું' ફક્ત આ એક ૪ પૃષ્ઠ, પત્રક - A તથા પત્રક - B જોડે મૂલ્યાં વગર પરત મોકલવું.

# 'સત્સંગ પ્રવેશ-૧' પરીક્ષાર્થીઓના માર્ગદર્શન માટે તેજસ્વી પરીક્ષાર્થી દ્વારા લખાયેલ જવાબવહી

રવિવાર, ૫ જુલાઈ, ૨૦૦૯     સમય : સવારે ૯ થી ૧૧.૧૫     કુલ ગુણ :- ૭૫

**ગેરહાજર પરીક્ષાર્થીની જવાબવહીનું ફક્ત આ પૃષ્ઠ જ પરત મોકલવું.**

☞ **પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે 'બારકોડ' દર્શાવેલ છે, તેને કોઈ પણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

**ફરજિયાત : પરીક્ષાર્થીએ જાતે ભરવાની વિગત**

પરીક્ષાર્થીની જન્મ તારીખ (તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐)

પરીક્ષાર્થીનો અભ્યાસ ........................................................

પરીક્ષાર્થીના જ નામવાળી જવાબવહી અને ઉપરની ફરજિયાત ભરવાની તેની જ વિગતોની સત્યાર્થતા ચકાસીને વર્ગસુપરવાઇઝરે સહી કરવી.

વર્ગસુપરવાઇઝરની સહી ................................................

☞ **પાછળ લખેલી સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.**

**પેપર તપાસનાર(પરીક્ષક)ની સહી**

...............................

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૧ (૯) | |
| | ૨ (૬) | |
| | ૩ (૫) | |
| | ૪ (૪) | |
| | ૫ (૪) | |
| | ૬ (૪) | |
| વિભાગ - ૧, કુલ ગુણ | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૭ (૯) | |
| | ૮ (૪) | |
| | ૯ (૫) | |
| | ૧૦ (૪) | |
| | ૧૧ (૬) | |
| | ૧૨ (૪) | |
| વિભાગ - ૨, કુલ ગુણ | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૧૩ (૧૦) | |
| વિભાગ - ૩, કુલ ગુણ | | |

**મોડરેશન વિભાગ માટે જ**

ગુણ શબ્દોમાં . . . . . . . . . . . . .

ચેકર - નામ

**પરીક્ષાર્થીઓને અગત્યની સૂચના :-**

૧. **આગળના મુખ્ય પૃષ્ઠ ઉપર પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે બારકોડ દર્શાવેલ છે, તેને કોઈપણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

૨. પરીક્ષાર્થીએ ખૂબ જ સ્પષ્ટ તથા સુંદર અક્ષરે આગળના પાનામાં માંગ્યા મુજબ વિગતો ભરવી ફરજિયાત છે.

૩. આપે ઉત્તરવહીમાં (જવાબવહીમાં) ક્યાંય કોઈ પણ જગ્યાએ આપનું નામ લખવાનું નથી.

૪. મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલા પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર પોતાના જ નામવાળી જવાબવહી ઉપર વર્ગસુપરવાઇઝરની સહી કરાવી લે.

૫. **વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

૬. પ્રશ્નના ગુણ ➞ | ગુણ : ૧ | | ← પરીક્ષકે પ્રશ્ન તપાસીને મૂકવાના ગુણની જગ્યા

૭. **પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા ફક્ત કાળી શાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શાહીથી અથવા એકથી વધારે શાહીથી લખેલા ઉત્તરો માન્ય ગણાશે નહીં.**

૮. પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપવા. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં.

૯. **પરીક્ષા ખંડની બહાર** કે અન્ય તમામ પરીક્ષાર્થીઓથી અલગ કે પરીક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને આપેલી પરીક્ષા માન્ય ગણાશે નહિ.

૧૦. **પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલ પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય.**

૧૧. **જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલ ઉત્તર માન્ય ગણાશે નહિ.**

## *Important Instructions For Satsang Exam Students*

1. **Please do not damage in any way the bar code printed on the front page.**
2. Please write clearly and legibly.
3. Do not write your name on the answer book.
4. On the day of the Final Satsang Examinations, all examinees should obtain the signature of the class supervisor on the answer sheet bearing their own personal details only.
5. Answer books without the signature of the Class Supervisor will be considered **NOT VALID.**
6. Marks for Question ➞ | 1 Mark | | ← Space for Examiner to write marks
7. **Write your answers with either a blue or black pen only. Answers written in pencil, or with a red, green or any other coloured pen will not be considered valid. Answers written in more than one coloured ink will not be considered valid.**
8. Follow the instructions while answering. Answers crossed out will not be considered valid.
9. Examinations taken at **unauthorized locations** or in which the exam rules have been violated will not be considered valid.
10. **Without the prior permission of the Pariksha Karyalay in Ahmedabad, answer papers written by substitute writers in place of the original candidate will not be accepted. Answer papers with more than one type of handwriting will not be accepted.**
11. **Answers written on extra pages will not be considered valid.**

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧ | |
|---|---|---|

**પ્રવેશ-૧**

## વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

૧. ''વેદમાં કહ્યો એવો ધર્મ પાળજો અને પળાવજો.''

કોણ કહે છે ? રામાનંદ સ્વામી  કોને કહે છે ? સહજાનંદ સ્વામીને

ક્યારે કહે છે ? જેતપુરમાં રામાનંદ સ્વામીએ ધર્મધુરા સોંપી ને લોકપ્રથા પ્રમાણે ઉપદેશ આપતાં કહે છે.

ગુણ : ૩

૨. ''આપનાં નિત્ય દર્શન કરવાનો મારો નિયમ છે.''

કોણ કહે છે ? હનુમાનજી  કોને કહે છે ? નીલકંઠવર્ણીને

ક્યારે કહે છે ? વનવિચરણમાં નીકળેલા નીલકંઠવર્ણી પાસે હનુમાનજી પહોંચી જાય છે ત્યારે ધ્યાનમાંથી જાગેલા નીલકંઠવર્ણીએ હનુમાનજીને પૂછ્યું : તમે ક્યારના આવ્યા છો ? ત્યારે હનુમાનજી નીલકંઠવર્ણીને કહે છે.

ગુણ : ૩

૩. ''બાળક થઈ બ્રહ્માંડને બાથ ભરે છે.''

કોણ કહે છે ? જિઅર સ્વામી  કોને કહે છે ? નીલકંઠવર્ણીને

ક્યારે કહે છે ? નીલકંઠવર્ણીએ શાસ્ત્રોમાં સ્ત્રી, દ્રવ્ય અને રસ એ ત્રણ ત્યાગીને મોટા બંધન કહ્યાની વાત કરી. ત્યાગીએ કેવો માર્ગ ગ્રહણ કરવો જોઈએ તે સમજાવવાનું કહ્યું ત્યારે.

ગુણ : ૩

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. રીંછ નીલકંઠવર્ણીને પગે લાગી ઝાડીમાં અદૃશ્ય થઈ ગયું.

કૃષ્ણના સમયમાં જાબુવાને કૃષ્ણની સેવા કરેલી પણ મનમાં શંકા રહી ગયેલી તેથી ભટક્યા કરતો હતો. નીલકંઠવર્ણીને મળવાથી, તેમના આશીર્વાદ મળવાથી તેનું કલ્યાણ થવાથી તે જતું રહ્યું.

ગુણ : ૨

૨. લાલજી સુથાર હોંશે હોંશે લોજપુરની વાટે ચાલ્યા.

લાલજી સુથાર રામાનંદ સ્વામીને મળવા ગયા ત્યારે રામાનંદ સ્વામીએ ઠપકો આપતાં નીલકંઠવર્ણીને રામકૃષ્ણ, દત્તાત્રેય, સર્વેથી મોટા તેમજ અવતારના અવતારી છે એવો મહિમા કહ્યો તેથી લાલજી સુથાર હોંશે હોંશે લોજપુરની વાટે ચાલ્યા.

ગુણ : ૨

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૨ | |
|---|---|---|

૩. પિબૈક નીલકંઠવર્ણીનાં ચરણોમાં આળોટવા લાગ્યો.

પિબૈકે બટુકભૈરવ અને કાળભૈરવને નીલકંઠવર્ણી તરફ મોકલ્યા પણ તેઓ ત્યાં ન જતાં ઉલટાનો પિબૈકને ત્રિશૂળથી મારીને જમીન પર પછાડ્યો. પછી હનુમાનજીની આરાધના કરી તેથી હનુમાજીએ પિબૈકને ખૂબ માર માર્યો અને તે પૃથ્વી પર બેભાન થઈને પડ્યો. તેના શિષ્યો તેમજ સગાંઓએ તેને બેઠો કરવા નીલકંઠવર્ણીને પ્રાર્થના કરી. નીલકંઠવર્ણીએ તેની સામે દૃષ્ટિ કરી. પિબૈક જાગીને નીલકંઠવર્ણીના ચરણોમાં આળોટવા લાગ્યો.

| ગુણ : ૨ | |
|---|---|

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૩** ''મહંતાઈના પ્રલોભનનો ત્યાગ'' - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

શ્રીકૃષ્ણના વિયોગમાં હિમાલયમાં ઉદ્ધવજીએ તપ કર્યું હતું. તે પ્રાસાદિક સ્થાન પર નારદજીએ શ્રીપુર નામનું શહેર વસાવ્યું હતું. નીલકંઠવર્ણી અહીં આવી પહોંચ્યા ત્યારે સાંજ પડી ગઈ હતી. તેમણે ગામ બહાર આવેલા મઠના ઓટલા ઉપર આસન જમાવ્યું. મઠના મહંતને ખબર પડતાં તેઓએ નીલકંઠને મઠમાં આવી વિશ્રામ કરવા કહ્યું કારણ કે ત્યાં જંગલી જનાવરોનો ભય ખૂબ હતો પણ નીલકંઠે કહ્યું 'મને મૃત્યુનો ભય નથી અને હું વસતિમાં રહેતો નથી.' રાત્રે એક શેર આવ્યો પણ વર્ણીએ તેના પર દૃષ્ટિ કરતાં સમાધિના દિવ્ય સુખનો અનુભવ કરતાં શેર વર્ણીના પગ આગળ લપાઈને બેસી ગયો. શેરના શરીર પર વર્ણી હાથ ફેરવતા હતા. મહંતે આ દૃશ્ય જોયું. પરોઢ થતાં શેર ચાલ્યો ગયો. ત્યાર પછી મહંતે વર્ણી પાસે આવીને લાખ રૂપિયાની આવકવાળા આ મઠના મઠાધિપતિ બનાવવાનું કહ્યું ત્યારે વર્ણીએ ના પાડતાં કહ્યું, ''મઠ, મિલકત કે આશ્રમની અપેક્ષા હોત તો ઘરનો ત્યાગ શું કરવા કરત ? મારે તો તીર્થોમાં ફરી અનેક જીવોનું કલ્યાણ કરવું છે. સાચો સત્સંગ શું છે તે જગતને સમજાવવું છે.'' આમ, કહી ત્યાંથી ચાલી નીકળ્યાં.

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૩ | | પ્ર-૪ | | પ્ર-૫ | |
|---|---|---|---|---|---|---|

| ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો | | ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા |
|---|---|---|

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

૧. પુલહાશ્રમમાં નીલકંઠવર્ણીની સેવામાં કોણ-કોણ આવ્યું ? (ગુણ : ૧)

પુલહાશ્રમમાં નીલકંઠવર્ણીની સેવામાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આવ્યા.

૨. આત્માનંદ સ્વામીની કઈ સમજણને કારણે રામાનંદ સ્વામીએ તેમનો ત્યાગ કર્યો ? (ગુણ : ૧)

આત્માનંદ સ્વામી ભગવાનને નિર્ગુણ, નિરાકાર માનતા. તેમની મૂર્તિપૂજા હોય નહિ તેવું માનતા માટે રામાનંદ સ્વામીએ તેમનો ત્યાગ કર્યો.

૩. નૈમિષારણ્યનો શો મહિમા છે ? (ગુણ : ૧)

સૂતજીએ શૌનકાદિક ઋષિઓને નૈમિષારણ્યમાં ભાગવત સંભળાવ્યું હતું.

૪. નીલકંઠવર્ણીએ મુક્તાનંદ સ્વામીને કયો પ્રશ્ન પૂછ્યો ? (ગુણ : ૧)

જીવ, ઈશ્વર અને માયા શું છે ? બ્રહ્મ અને પરબ્રહ્મનાં સ્વરૂપો કેવાં છે તે સમજાવો.

૫. નીલકંઠવર્ણી અષ્ટાંગયોગ કોની પાસે શીખ્યા ? (ગુણ : ૧)

નીલકંઠવર્ણી અષ્ટાંગયોગ ગોપાળયોગી પાસે શીખ્યા.

| ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો | | ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા |
|---|---|---|

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. રામાનંદ સ્વામીએ પત્ર લાવનાર મયારામ ભટ્ટને કહ્યું. (ગુણ : ૨)

(૧) ✔ હું તો તમને આટલું જ આપું છું.  (૨) ✔ નીલકંઠવર્ણી તમને ન્યાલ કરશે.

(૩) ☐ લોજમાં સૌ કુશળ છે ?  (૪) ☐ મુક્તાનંદ સ્વામીને ભૂજ મોકલજો.

૨. વનવિચરણ દરમ્યાન કયા કયા દેવો નીલકંઠવર્ણીનાં દર્શને આવ્યા હતા ? (ગુણ : ૨)

(૧) ✔ સૂર્ય  (૨) ✔ હનુમાનજી  (૩) ☐ ઇન્દ્ર  (૪) ✔ શિવજી

| ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો | | ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા |
|---|---|---|

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૬ | | પ્ર-૭ | |
|---|---|---|---|---|

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

૧. નીલકંઠવર્ણીએ સેવકરામની સેવા ........બે........ મહિના સુધી કરી. ગુણ : ૧

૨. રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીની આરતી ........જેતપુર........ ગામમાં ઉતારી. ગુણ : ૧

૩. જગન્નાથપુરીમાં ........ભગવાન શ્રીકૃષ્ણના અસ્થિ........ ઉપર મોટું મંદિર બાંધેલું છે. ગુણ : ૧

૪. નીલકંઠવર્ણી શીલ ગામથી ........અઢાર........ મણ ચીભડાં પોતાના મસ્તક ઉપર લઈ આવ્યા. ગુણ : ૧

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

## વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૧

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

૧. ''કલ્યાણ જોઈતું હોય તો સ્વામિનારાયણ ભગવાનનો આશરો કરો.''

કોણ કહે છે ? ........રણછોડરાય........ કોને કહે છે ? ........આશાભાઈને........

ક્યારે કહે છે ? ........આશાભાઈ દર પૂનમે ડાકોર રણછોડરાયનાં દર્શને જતાં. ત્યાં કેટલુંક ધર્મ વિરુદ્ધ આચરણ જોઈ પોતે ઘણીવાર મનમાં ક્ષોભ પામતા. ત્યારે એક રાત્રે રણછોડરાયે સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું........ ગુણ : ૩

૨. ''મારી મનની આ ભાંજગડ તમારે દૂર કરવાની છે.''

કોણ કહે છે ? ........બાપુ (વજેસિંહ)........ કોને કહે છે ? ........કવિને (લાડુદાનજીને)........

ક્યારે કહે છે ? ........કવિએ સોની મહાજનના કપાળમાં તિલક-ચાંદલો જોઈ પૂછપરછ કરી ત્યારે........ ગુણ : ૩

૩. ''એમને આસને કરીને મોટપ નથી.''

કોણ કહે છે ? ........મહારાજ........ કોને કહે છે ? ........શુક મુનિને **અથવા** શુકાનંદ સ્વામીને........

ક્યારે કહે છે ? ........અક્ષર ઓરડીમાં મહારાજના દર્શન કરવા આવેલા ગુણાતીતાનંદ સ્વામી માટે શુકમુનિ આસન શોધવા લાગ્યા ત્યારે........ ગુણ : ૩

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. શુકમુનિને રોજ રાત્રે તાવ આવતો.

મહારાજના અંતર્ધાન થયા પછી વિરહી અને ત્યાગ, વૈરાગ્યના ઈશકવાળા શુકમુનિએ શરીર પુષ્ટ ન થાય તેટલા માટે મહારાજ પાસે પ્રાર્થના કરી તાવ માંગ્યો હતો. તેથી દિવસે સત્સંગનું કાર્ય કરતા અને રાત્રે તાવ આવતો. ગુણ : ૨

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૮ | |
|---|---|---|

૨. શાસ્ત્રીજી મહારાજ આશાભાઈને ભેટ્યા.

અકસ્માતથી કપાસમાં દીવાસળી પડવાથી આશાભાઈની તમામ માલમિલકત બળી ગઈ. તે વખતે સ્વામીશ્રીએ કહ્યું અમે તો સારંગપુર મંદિરની મૂર્તિ માટે પૈસા લેવા આવ્યા અને આ ઉપાધિ આવી. ત્યારે શરાફને ત્યાંથી જરૂરી રકમ લાવી આશાભાઈએ સ્વામીશ્રીને આપતાં સ્વામીશ્રી આશાભાઈને ભેટ્યા.

| ગુણ : ૨ | |
|---|---|

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

પ્ર.૯ ''જીવુબાની ભક્તિ'' - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

જીવુબા ગઢપુરના દરબાર એભલખાચરના દીકરી હતા. બાળપણથી જ તેમનું જીવન તપની રૂચિવાળું અને ભકિતમય હતું. ઉંમરલાયક થતાં તેમને પરણાવવાનો એભલખાચરે વિચાર કર્યો ત્યારે તેમણે કહ્યું : બાપુ ! મારે પરણવું નથી. મારે ભગવાનની ભક્તિ જ કરવી છે. છતાં બાપુએ તેઓના લગ્ન કુંડળના હાથિયા પટગર સાથે કર્યા. તેમની બ્રહ્મચર્યપાળીને ભગવાન ભજવાની ઈચ્છાના કારણે સાસુ રાઈબાએ દીકરાને સમજાવી રજા અપાવતાં તેઓએ ગઢડા આવી ભગવાનની ભક્તિમાં મન પરોવ્યું. એક વખત **જીવુબા ધ્યાનમગ્ન સ્થિતિમાં દૂધનો ભરેલો કટોરો હાથમાં લઈ ઠાકોરજીને ધરાવતા હતાં** ત્યારે જ તેમના પિતા ઉઘાડી તલવાર સાથે ઓરડામાં પ્રવેશ્યા. અને કહ્યું, 'આ બધા ધતિંગ મૂકી દે ને તારો ભગવાન સાચો હોય તો હમણાં જ આવીને દૂધ પી જાય, નહિ તો આ તલવારથી તારા ટુકડે ટુકડા થઈ જશે.' એટલામાં આખો ઓરડો એકાએક તેજથી ભરાઈ ગયો અને મૂર્તિમાંથી ભગવાન ચતુર્ભુજ સ્વરૂપ ધરી પ્રગટ થઈને જીવુબાએ ધરેલું દૂધ આરોગવા લાગ્યા. એભલખાચરના હાથમાંથી તલવાર પડી ગઈ અને એકદમ પ્રભુનાં ચરણોમાં પડી ગયા. જીવુબાના આનંદનો પાર ન રહ્યો, થોડીવારે મૂર્તિમાં તેજ સમાઈ ગયું અને પ્રભુ અદ્રશ્ય થઈ ગયાં ત્યારે જીવુબાની માફી માંગતા તેમનાં પિતાએ તેમને કહ્યું, **'બેટા, તમે કોની ભક્તિ કરો છો ?'** જીવુબાએ કહ્યું, 'આ સર્વ અવતારના અવતારી પ્રગટ પુરુષોત્તમ નારાયણની હું ભક્તિ કરું છું, તમે પણ મહિમાએ સહિત ભજન કરશો તો તમને પણ એ જરૂર વશ થશે.' આમ મહારાજ જીવુબાની ભક્તિને વશ હતાં.

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૯ | | પ્ર-૧૦ | | પ્ર-૧૧ | |
|---|---|---|---|---|---|---|

.............................................................

.............................................................

.............................................................

.............................................................

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

૧. ડુંગરભાઈને વર્તમાન ધરાવી શુકમુનિએ કયા આશીર્વાદ આપ્યા ? (ગુણ : ૧)

ડુંગરભાઈને વર્તમાન ધરાવી શુકમુનિએ આશીર્વાદ આપ્યા કે આ બાળક સત્સંગની મહાન સેવા કરશે ને મહારાજની સાચી ઉપાસના પ્રવર્તાવશે.

૨. સર્વમંગલ સ્તોત્રમાં આવેલા 'हेमन्तार्चास्तुतिप्रीताय नमः' નામમાં મહારાજ સાથે કયા ભક્તનું નામ જોડવામાં આવ્યું છે ? (ગુણ : ૧)

સર્વમંગળ સ્તોત્રમાં આવેલા 'हेमन्तार्चास्तुतिप्रीताय नमः' નામમાં મહારાજના નામ સાથે ઝીણાભાઈનું નામ જોડવામાં આવ્યું છે.

૩. જેઠા ભગતે શાસ્ત્રીજી મહારાજના કયા શબ્દોની ચોટ લાગવાથી દીક્ષા લીધી ? (ગુણ : ૧)

''તમારી બુદ્ધિ, જ્ઞાન અને કાર્યશક્તિ ભગવામાં દીપશે. ધોળામાં નહિ દીપે.'' - શાસ્ત્રીજી મહારાજના આ શબ્દોની ચોટ લાગવાથી જેઠા ભગતે દીક્ષા લીધી.

૪. બ્રહ્માનંદ સ્વામીએ રચેલા કોઈપણ ચાર ગ્રંથોનાં નામ આપો. (ગુણ : ૧)

બ્રહ્માનંદ કાવ્ય, શ્રી સુમતિપ્રકાશ, બ્રહ્મવિલાસ, શિક્ષાપત્રી (પદ્યમાં), ઉપદેશ ચિંતામણિ ચંદ્રાવળા અને ઉપદેશ રત્નદીપક વગેરે ગ્રંથો બ્રહ્માનંદ સ્વામીએ રચેલા છે.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયની સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય :- લાડુદાનજી મહારાજના સેવક બન્યા.**

**૧.** આત્મા વગર દેહની કિંમત નથી. **૨.** સંવત ૧૯૨૭ની વસંતપંચમીએ પ્રગટ થયા. **૩.** બ્રહ્માનંદ કહે સંત કી સોબત, મિલત હે પ્રગટ મોરારી. **૪.** આ રજોગુણ છોડીને સાત્ત્વિક ભાવે ભગવાનની ભક્તિ કરો. **૫.** લાડુદાનજીના પિતા ગભરાઈ ગયા. **૬.** કવિરાજ શ્રીરંગદાસ અને બ્રહ્માનંદ જેવા નામ સાથે સંતપંક્તિમાં ભળ્યા. **૭.** એક જ ચરણારવિંદમાં સોળ દિવ્ય ચિહ્નો દેખાડે. **૮.** તમારામાં કોઈને મોહ થાય તો પાપ કોને લાગે ? **૯.** હર્ષાશ્રુ સાથે લાડુદાનજીએ મહારાજની પૂજા કરી. **૧૦.** મહારાજના આદેશથી લાડુદાનજી દાદાની બહેનોને ગૃહસ્થના ધર્મની વાતો સમજાવવા લાગ્યા. **૧૧.** આત્માને લીધે દેહ હાલે છે, ચાલે છે, ક્રિયા કરે છે. **૧૨.** દરેક સંતને સાડા ત્રણ હાથનું જ ટાટ (કંતાન) આપતા.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **ફક્ત સાચા નંબરો** | ૧ | ૪ | ૬ | ૮ | ૧૦ | ૧૧ | ગુણ : ૩ |
| **યથાર્થ ઘટનાક્રમ** | ૧૦ | ૧૧ | ૧ | ૮ | ૪ | ૬ | ગુણ : ૩ |

**તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧૨ | |
|---|---|---|

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સ્વામી યજ્ઞપ્રિયદાસજી :-** મોતીભાઈના દીકરા જેઠાભાઈને ખેતરમાં ફરતી વખતે વીંછી કરડવાથી ધામમાં ગયા. પછી શ્રીજીમહારાજ સાથે આવી મોતીભાઈને નારાયણ કહ્યા.

જ. **આશાભાઈ**ના દીકરા **દેસાઈભાઈ**ને **ઘાસના બીડમાં કામ કરતાં સર્પ** કરડવાથી ધામમાં ગયા. પછી **ભગતજી મહારાજ** સાથે આવીને **આશાભાઈ**ને **જય સ્વામિનારાયણ** કહ્યા.

ગુણ : ૧

૨. **ભક્તરાજ જીવુબા :-** લાડુબાને રામાવતારની લીલા જોવાનો વિચાર થતાં દાદા ખાચરે એક ગેડીદડો આકાશમાં ઉછાળતાં ઈન્દ્ર ઐરાવત હાથી લઈ ગોપીનાથજીનાં દર્શન કરવા આવ્યા.

જ. **જીવુબા**ને **કૃષ્ણાવતાર**ની લીલા જોવાનું **મન** થતાં **મહારાજે** એક **ફૂલનો દડો** આકાશમાં ઉછાળતાં **બધા અવતારો અને દેવો વિમાન** લઈ **મહારાજ**નાં દર્શન કરવા આવ્યાં.

ગુણ : ૧

૩. **ભક્તરાજ જોબનપગી :-** સૌરાષ્ટ્રમાં સુંદર પગીની હાક વાગતી ને સુંદર પચાસ માઈલ સુધી ફરવા જતો.

જ. **ગુજરાત**માં **જોબન** પગીની હાક વાગતી ને **જોબન સો સો ગાઉ સુધી ચોરી કરવા** જતો.

ગુણ : ૧

૪. **સ્વામી નિર્ગુણદાસજી :** જેઠાભાઈ સં. ૧૮૫૬ના શ્રાવણ માસમાં નાવમાં બેસી મહુવા ભગતજીનાં દર્શને ગયા. સાથે વડોદરાના મહાશંકરભાઈ દવેના પુત્ર મગનભાઈ હતા.

જ. જેઠાભાઈ સં. **૧૯૫૨**ના **કાર્તિક** માસમાં **વહાણ**માં બેસી મહુવા ભગતજીનાં દર્શને ગયા. સાથે **ભરૂચ**ના મહાશંકરભાઈ દવેના પુત્ર **ગણપતભાઈ** હતા.

ગુણ : ૧

**ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો** ☞ [ ] ☜ **ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા**

## વિભાગ - ૩ : નિબંધ

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

૧. યુવાનોના આદર્શ : નીલકંઠવર્ણી
૨. ''તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો''
૩. પ્રમુખસ્વામી મહારાજની હરિભક્તો પ્રત્યેની આત્મીયતા અને સંભાળ

**૧. યુવાનોના આદર્શ : નીલકંઠવર્ણી :-** જીવનમાં આગળ વધવા માટે ધ્યેય નક્કી કરવું અતિ આવશ્યક છે. ધ્યેય નક્કી થયા પછી તેની પ્રાપ્તિ માટે પુરુષાર્થ પણ એટલો જ જરૂરી છે. પોતાના ધ્યેયમાં આગળ વધવા માટે તેવું જ આદર્શ પાત્ર નજર સમક્ષ રાખીને તેવી રીતે આગળ વધવા માટે પ્રયત્ન કરવાથી ધ્યેયની પ્રાપ્તિ થાય છે. ક્યારેક આદર્શ પાત્ર દ્વારા પણ જીવનનું ધ્યેય નક્કી થાય છે. નીલકંઠવર્ણીનું જીવન દરેક યુવાનને દરેક ક્ષેત્રમાં ઉપયોગી થાય તેમ છે. નીલકંઠવર્ણીના જીવનમાંથી યુવાનોમાં સાહસિકતા, નિર્ભયતા, નિયમ-ધર્મની દૃઢતા, નિર્લોભી, ભક્તિ અને સેવાના વગેરે ગુણો કેળવાય છે.

**સાહસિકતા :** હિમાલય દેવે બતાવેલ પુલહાશ્રમના માર્ગે બે પર્વત વચ્ચે વહેતા પ્રવાહમાં ઝેરી સર્પો, કરચલા, કાચબા, મગર હોવા છતાં તેમાં ઝંપલાવી આખી રાત ચાલ્યા અને પુલહાશ્રમના માર્ગે આગળ વધ્યા પણ મુશ્કેલી જોઈને અટક્યા નહિ.

**નિર્ભયતા :** હિમગિરિના સાન્નિધ્યમાં આવેલા કાળભૈરવ થકી પણ ન ડરતા તેનો પરાભવ કર્યો.

(તેને લગતા બીજા પ્રસંગો પરીક્ષાર્થીએ જાતે તૈયાર કરીને લખવા )

**નિયમ-ધર્મની દૃઢતા :** સ્ત્રી-ધનનો ત્યાગ, ત્યાગીને તો અજગર વૃતિ

**નિર્લોભી** : રાજાઓના રાજ્યનો, મઠની મહંતાઈનો ત્યાગ. પ્રસંગો

**ભક્તિ અને સેવા** : શાલિગ્રામને ધરાવીને જ વસ્તુ ગ્રહણ કરતાં, નિત્ય સેવા પૂજા કરતાં. - પ્રસંગો

આ બધા આદર્શો એક જ વ્યક્તિ નીલકંઠવર્ણીમાંથી જ મળી રહે. તેમને નજર સમક્ષ રાખીને કાર્ય કરવાથી આપણે પણ આપણા ધ્યેયમાં આગળ વધી શકીએ છીએ.